ગુજરાત યુનિવર્સિટી

તારીખ : ૦૩/૧૦/૨૦૨૩ સમય : સવારે ૧૧.૦૦ કલાકે

અહેવાલ

ગુજરાત હાયર એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ અને કેસીજી દ્વારા ગુજરાત યુનિવર્સીટીમાં વિધાર્થીઓ માટે ડીજીલોકર- નેશનલ એકેડેમીક ડીપોઝીટરી (NAD) અને એકેડેમિક બેન્ક ઓફ ક્રેડિટ (ABC) અંગે એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. આ વર્કશોપમાં ગુજરાત યુનિવર્સીટીના માનનીય કુલપતિશ્રી ડો નીરજા ગુપ્તા, કેસીજીના જોઇન્ટ ડાયરેક્ટર શ્રી ડો યોગેશ યાદવ, ગુજરાત સ્ટેટ કોઓર્ડીનેટરશ્રી ગરિમા શર્મા, ગુજરાત યુનિવર્સીટીના કુલસચિવશ્રી ડો પી એમ પટેલ સાહેબ, એબીસીના ગુજરાત યુનિવર્સિટી ના કોઓર્ડીનેટરશ્રી ડો બી એસ અગ્રવાલ તથા ગ્રંથપાલ યોગેશભાઇ પારેખ હાજર રહેલ હતા. આ વર્કશોપમાં ગુજરાત યુનિવર્સીટી ડીપાર્ટમેન્ટના એચઓડીશ્રીઓ, ગુજરાત યુનિવર્સીટી સલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા ABC કોઓર્ડનેટર શ્રીઓ સહિત 350 જેટલા participants હાજર રહેલ હતા. ગુજરાત સ્ટેટ કોઓર્ડીનેટરશ્રી ગરિમા શર્મા તથા ડો યોગેશ યાદવ દ્વારા ડીજીલોકર અને ABC ના વર્કશોપનું માર્ગદર્શન આપવામાં આવેલ હતું તથા કોલેજના આચાર્યશ્રીઓના મુંઝવણ ભરેલ પ્રશ્નનોનું નિવારણ કરવામાં આવેલ હતું. પ્રોગ્રામના અંતે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના હેડ તથા ગુજરાત યુનિવર્સિટી ના ABC કોઓર્ડીનેટરશ્રી ડો બી એસ અગ્રવાલ સાહેબ દ્વારા આભારવિધિ કરવામાં આવેલ હતું.